અનસુચિત જાતિઓ અને અનુસુચિત
જનજાતિઓ(અત્યાચાર નિવારણ)
અધિનિયમ ૧૯૮૯ તથા અનુસુચિત જાતિ
અને અનુસુચિત જનજાતિ
(અત્યાચાર નિવારણ)નિયમો,૧૯૯૫ હેઠળ
તકેદારી સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃહસલ-૧૦૯૭-૧૯૧૦/હ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ૧-૧-૨૦૦૦.

વંચાણે લીધોઃ

(૧) ભુતપુર્વ સમાજકલ્યાણ વિભાગનો તાઃ૧૬-૧૨-૯૮નો ઠરાવક્રમાંકઃ હસલ-૧૦૯૭-૧૯૧૦-હ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તાઃ૧-૧૦-૯૯નો ઠરાવક્રમાંકઃહસલ-૧૦૯૭-૧૯૧૦-હ.

<u>ઠરાવઃ</u>

અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ની જોગવાઈઓના અસરકારક અમલ માટે આ વિભાગના તાઃ૧૬/૧૨/૯૮ અને તાઃ૧/૧૦/૯૯ના સરખા ક્રમાંકનાં ઠરાવોથી જીલ્લા કક્ષાની તકેદારી અને મોનીટરીગ સમિતિનું બંધારણ નિયત કરવામાં આવેલ છે.જીલ્લા કક્ષાની આ સમિતિઓમાં તાઃ૧-૧૦-૯૯નાં ઠરાવથી કુલ ૯ પદાધિકારીઓ/અધિકારીઓને આમંત્રિત સભ્યો તરીકે નિમવાનું ઠરાવવામાં આવેલ છે,તેના અનુસંધાને રાજ્યમાં જીલ્લા કક્ષાએ ફરજો બજાવતા સંબંધિત જીલ્લા તકેદારી અધિકારીઓને તેમના કાર્યક્ષેત્રમાં આવતા જીલ્લાઓની જીલ્લા તકેદારી સમિતિઓમાં આમંત્રિત સભ્ય તરીકે નિમવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. આ સમિતિની દર ત્રણ માસે મળતી બેઠકમાં તાઃ૧-૧૦-૯૯ના ઠરાવથી નિમવામાં આવેલ આમંત્રિત સભ્યશ્રીઓ ઉપરાંત આ ઠરાવથી નીમવામાં આવેલ સંબંધિત જીલ્લા તકેદારી અધિકારીશ્રીને આમંત્રિત સભ્ય તરીકે બોલાવવાનાં રહેશે.

૭૯

૩. આ અંગેની અન્ય શરતો આ વિભાગના સરખા ક્રમાંકનાં તાઃ૧૬-૧૨-૯૮ ના ઠરાવમાં દર્શાવ્યા પ્રમાણે રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વિ.મ.પરમાર)
ઉપસચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

* માન.રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,સચિવાલય,ગાંધીનગર.
માન.વિરોધપક્ષના નેતાશ્રીનાં અંગત સચિવશ્રી,
– ગુજરાત વિધાનસભા,સચિવાલય,ગાંધીનગર.
સર્વે માન.રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,,સચિવાલય,ગાંધીનગર.
સર્વે માન.નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,,સચિવાલય,ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો,
* સચિવશ્રી,ગુજરાત તકેદારી આયોગ,ગાંધીનગર.
* સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ.
* સચિવશ્રી,ગુજરાત વિધાનસભા ,સચિવાલય,ગાંધીનગર.
* સચિવશ્રી,ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,અમદાવાદ.
નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ,૪/૨ ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
તમામ જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ/જીલ્લા તકેદારી અધિકારીશ્રીઓ.
તમામ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત).
તમામ જિલ્લા કલેકટરશ્રીઓ.
તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સઘળી શાખાઓ.
સીલેકટ ફાઈલ,
* પત્ર દવારા.